### અમદાવાદ થી બસમાં રાજસ્થાન જતાં આંગડિયા પેઢીના બે કર્મીઓની નજર ચૂકવી

# છાપી નજીક કરોડોના દાગીના ભરેલ થેલાની ઉઠાંતરી કરી બે શખ્સો પલાયન

### ભરકાવાડા સ્થિત હોટલમાં ચા - નાસ્તો કરવા રાજસ્થાન નિગમની બસ ઉભી રહેતા ઘટના બની







પાલનપુર, છાપી તા.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં. ઘણાં સમય થી અસામાજિક તત્વોનો ત્રાસ વધી જવા પામ્યો છે. ચોરી લૂંટ ધાડ અને છેતરપિંડીની ઘટનાઓ સાથે અન્ય અનેક અસામાજિક પ્રવૃત્તિઓ નો ગ્રાફ સતત વધી રહ્યો છે. આ અંગે અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, વડગામ તાલુકા ના છાપી નજીક આવેલ ભરકાવાડા સ્થિત એક હોટલ ઉપર અમદાવાદ થી રાજસ્થાન જતી બસ શુક્રવાર સવારે ચા - નાસ્તો કરવા છાપી નજીક હોટલ ઈપર ઉભી રહી હતી તે દરમિયાન બસ માં મુસાફરી કરતા આંગડિયા પેઢી ના બે કર્મીઓ ની નજર ચૂકવી સોનાના દાગીના તેમજ લગડીઓ ભરેલ થેલા ની બે અજાણ્યા શખ્સો એ ઉઠાંતરી કરી પલાયન થઈ જતાં સમગ્ર પંથક માં ચકચાર મચી ગઈ હતી.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા વડગામ તાલુકાના છાપી ગામ નાપ પત્રકાર સુરેશભાઈ અગ્રવાલે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, અમદાવાદ રતનપોળ માં આવેલ પટેલ અશોકકુમાર અંબાલાલ ની આંગડિયા પેઢી ના બે કર્મીઓ પ્રકાશદાસ વૈષ્ણવ તેમજ મદનસિંગ રાજપૂત સોના ના દાગીના તેમજ લગડીઓ ભરેલ પાર્સલો નો થેલો લઈ રાજસ્થાન નિગમ ની અમદાવાદ થી જોધપુર જતી બસ માં જોધપુર જવા નીકળ્યા હતા દરમિયાન પાલનપુર - મહેસાણા હાઈવે ઉપર છાપી નજીક ભરકાવાડા હાઈવે ઉપર આવેલ હોટલ શ્રીરામ ઉપર બસ ના ચાલકે ચા - નાસ્તો કરવા બસ ઉભી રાખતા આંગડિયા પેઢી ના બન્ને કર્મીઓ જોખમ ભરેલ થેલો બસ માં મૂકી ચા પીવા નીચે ઉતર્યા હતા તે દરમિયાન એક કાળા કલર ની સ્કોર્પિયો ગાડી માં બે અજાણ્યા ઈસમો બસ માં ચઢી કરોડો રૂપિયા ના દાગીના ભરેલ થેલો ઉઠાવી પલાયન થઈ જતાં સમગ્ર પંથક માં ચકચાર મચી ગઈ હતી આ સમગ્ર ઘટના ની જાણ થતાં ઘટના સ્થળે એસ.પી. બનાસકાંઠા સહિત છાપી પોલીસ તેમજ એલસીસીબી ની ટિમો પહોંચી તપાસ નો ધમધમાટ શરૂ કરી તસ્કરો નું પગેરું મેળવવા કાર્યવાહી હાથ ધરી હતી સોના ના દાગીના ની ચોરી ને લઈ આંગડિયા પેઢી ના કર્મી પ્રકાશદાસ સકારામજી વૈષ્ણવ રહે . રામસીન તા. ભીનમાલ રાજસ્થાન હાલ. રહે અમદાવાદ વાળા એ છાપી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી

#### તસ્કરોએ રેકી કરી હોવાની શંકા

બસ માંથી ચા પીવા બન્ને કર્મી નીચે ઉતર્યા હતા તે દરમિયાન નઆંગડિયા પેઢીના દાગીના ભરેલ થેલા ની ઉઠાંતરી ને લઈ પાછળ ની સીટ ઉપર બેઠેલ એક આધેડ મહિલા એ જણાવ્યું હતું કે એક કાળા રંગ ની ગાડી માંથી એક ઈસમ બસ માં આવી બારી માંથી થેલો જીપ ગાડી માં બેઠેલ ઈસમ ને આપી ગાડી લઈ ને જતાં રહ્યાં હોવાનું જણાવ્યું હતું જેથી આંગડિયા પેઢી ના કર્મીઓ ની તસ્કરો એ સતત રેકી કરી હોવાનું પોલીસ અનુમાન કરી રહી છે

# બાયડના રંગીલાને રીસોર્ટની મુલાકાત બે લાખમાં પડી

### પ્રપોઝ-ડેમાં રંગીલો મુડાયાની ગરમાગરમ ચર્ચા

બાયડ, તા. ૧૨

બાયડનો રંગીલો પ્રપોઝ-ડે માં રીસોર્ટની મુલાકાત દરમ્યાન રૂ. ૨ લાખમાં મુડાયાની ચર્ચાએ બાયડના ઝીણી આંખોવાળાને વિચારતા કરી દીધા છે. જ્યારે રીસોર્ટ બહાર અન્યની કારમાં ગયેલો રંગીલો મોબાઈલ રૂમમાં ભુલી આવતાં ભર શિયાળે પરસેવે રેબઝેબની સ્થિતિમાં જોવા મળ્યો.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડનો રંગીલો આમ તો તેના ડચકા માટે જાણીતો છે. ક્યારેક કોઈનું વાહન હંકારી બાયડનો સપૂત હોવાનું ગૌરવ પણ લેતો હોય છે. પરંતુ કહેવત છે સોબત તેવી અસર... રંગીલાને તાજેતરમાં રીસોર્ટમાં ફરતો નિહાળ્યા પછી બહાર આવેલી વિગતો અનુસાર વારસાઈ કરનારીને પ્રપોઝ ડે ના દિવસે પ્રપોઝ કર્યા પછી ગણતરીના મીનીટમાં મળવાનું નક્કી થયુ... વાહનમાં બન્ને અલગ રીતે રીસોર્ટમાં પહોંચ્યા... રંગીલો અનેક રંગીન સપનો સાથે ગયો હતો પણ શરૂઆતમાં રૂ. ૨ લાખની ગીફ્ટ ધાબડ્યા પછીની કહાનીએ રંગીલાની ફીરકી લીધા જેવી સ્થિતિ કરી દીધી છે. કહેવત ને કે ઘેટી ચરવા ગઈ અને ઉન મુકીને આવી... બસ આવી જ સ્થિતિ રંગીલાને થઈ છે. પ્રપોઝ-ડે ના દિવસે રંગીલો મુડાયાની મિત્રવર્તુળોમાં ગરમાગરમ ચર્ચા છે.

# અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે ચણા વેચવા ૨૮૦૦ ખેડૂતોની નોંધણી

### ધોમધખતા તાપમાં ૧ માર્ચથી ટેકાના ભાવે ખરીદી થશે



બાયડ, તા. ૧૨

રાજ્યમાં સરકાર દ્વારા ટેકાના ભાવે ચણા ખરીદવા માટે અત્યારે ખેડૂતોની ઓનલાઈન નોંધણી ચાલી રહી છે જેમાં અરવલ્લી જિલ્લામાં તા.૧૦ ફેબ્રુઆરી બપોર સુધીમાં ૨૮૩૨ ખેડૂતોએ નોંધણી કરાવી છે. ૧ માર્ચથી ધોમધખતા તાપમાં ટેકાના ભાવે ચણાની ખરીદી થશે. ૨૦ કીલોગ્રામ ચણાનો ટેકાનો ભાવ રૂ. ૧૦૪૬ નક્કી કરાયો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લામાં ૨૧,૦૭૬ હેક્ટર જમીનમાં આ વર્ષે ચણાનું વાવેતર થયું હતું. ઓછો વરસાદ છતાં શિયાળુ ખેતીના પાક તરીકે ખાસ કરીને મેઘરજ, માલપુર, મોડાસા તાલુકામાં ચણાનું દર વર્ષની જેમ આ વર્ષે વધુ વાવેતર નોંધાયું છે. જ્યારે સરકાર દ્વારા ટેકાના ભાવે ચણાની ખરીદી માટે ગુજકો માસોલને એજન્સી તરીકે નિયુક્ત કરાઈ છે. તા. ૨૮ ફેબ્રુઆરી સુધી ચણાની સાથે તૂવર અને રાયડાની ઓનલાઈન નામ નોંધણી કરી શકાશે અને છેલ્લી ઘડીએ કોઈ ફેરફાર ન થાય તો ૧ માર્ચથી ટેકાના ભાવે ચણાની ખરીદી થશે. આ વર્ષે જિલ્લાના તમામ ૫ તાલુકામાં ચણાનું બમ્પર ઉત્પાદન થવાની સંભાવના વ્યક્ત થઈ છે.

#### તુવર માટે ૧૩, રાયડા માટે માત્ર ૧૮૨ ખેડૂતોનું રજીસ્ટ્રેશન...

ટેકાના ભાવે તૂવર, રાયડો અને ચણાની તા.૧ માર્ચથી ખરીદી થવાની છે ત્યારે અરવલ્લી જિલ્લામાં તા.૧૦ ફેબ્રુઆરીએ સવારે ૧૧-૦૦ કલાક સુધીમાં તૂવર વેચવા માટે ૧૩ અને રાયડો વેચવા માટે માત્ર ૧૮૨ ખેડૂતોનું રજીસ્ટ્રેશન થયાનું જાણવા મળ્યું છે.

# સાબરકાંઠા પાણી પુરવઠાતંત્રના કામોની વિજીલન્સ તપાસ થાય તો ચોંકાવનારો ઘટસ્ફોટ થશે

### અધિકારીઓની ચેમ્બરમાં કોન્ટ્રાક્ટરોના અડીંગા

સાબરકાંઠા પાણી પુરવઠા વિભાગના કામોની વિજીલન્સ તપાસ થાય તો ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવશે તેમ જાણકારો જણાવી રહ્યા છે. ટેન્ડરની શરતો પ્રમાણે કામગીરી ન થવાની સાથે નબળી ગુણવત્તાની પાઈપનો ઉપયોગ થયાના લોક આક્ષેપ થઈ રહ્યા છે. જ્યારે કોન્ટ્રાક્ટરો અને તેમના મળતીયા અધિકારીઓની ચેમ્બરમાં અડીંગા જમાવેલા જોવા મળી રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય સરકાર પાણી પુરવઠા વિભાગ પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે પરંતુ સાબરકાંઠા જિલ્લામાં દિવાતળે અંધારા જેવી સ્થિતિથી સાબરકાંઠા પાણી પુરવઠા ખાતાની હિંમતનગર ખાતેની મુખ્ય કચેરીમાં દરેક ક્ષેત્રમાં અનહદ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે જ્યારે ફાઈવસ્ટાર હોટલ જેવી વિભાગની કચેરીમાં પ્રજાની સુખાકારીના કામો કરતાં અધિકારીઓની આજીવન સુખાકારી કેવી રીતે સંતોષાય તેવા વહીવટની લોક આપેક્ષ થઈ રહ્યા છે. પાછલા ૨ વર્ષમાં સાબરકાંઠા પાણી પુરવઠા કચેરીમાં થયેલા કામોની ગુણવત્તા ચકાસવામાં આવે તો ભ્રષ્ટ સરકારી બાબુઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગતનો પર્દાફાસ થઈ શકે છે જ્યારે કોન્ટ્રાકટરો-મળતીયા-અધિકારીઓની કોલ ડીટેઈલ્સ ચકાસવામાં આવે તો પણ ચોંકાવનારા ફણગા ફૂટશે. જાણવા મળ્યા મુજબ ચોક્કસ કોન્ટ્રાક્ટર દ્વારા ગમે તેને ટેન્ડર લાગે પોતે જ કામ કરતો હોવાનું પણ જાણવા મળ્યુ છે. જ્યારે પાણી પુરવઠા વિભાગના એક અધિકારીને હિંમતનગરની જાણીતી હોટલમાં જમવાનો ચસ્કો લાગતાં કોન્ટ્રાક્ટરની વૈભવી કારમાં સપ્તાહમાં ૨ દિવસ હોટલમાં ચટાકેદાર ભોજનનો સ્વાદ માણતા હોવાની પણ ચર્ચા છે.

# સાબરકાંઠામાં જાદરને અલગ તાલુકાની બુલંદ બનતી માંગ

### ભાજપના આગેવાનો સહિત અગ્રણીઓએ તાલુકાના દરજ્જા માટે માગણી કરી

બાયડ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લામાં અલગ તાલુકાની માગણી થઈ છે. હાલ ૮ તાલુકા મથકેથી સરકારના વિવિધ વિભાગોનો વહીવટ થઈ રહ્યો છે પરંતુ હવે જાદરને અલગ તાલુકાનો દરજ્જો આપવા માટે માંગ થઈ છે. ૫૦ થી વધુ ગામોની પ્રજાએ તેમાં સમર્થન આપી સરકાર ઝડપથી નવા તાલુકાનો દરજ્જો આપે તેવી માંગણી દોહરાવી છે. આગામી સમયમાં જાદર પંથકના પ્રજાજનોની અલગ તાલુકાની માગણી સ્વીકારવામાં નહીં આવે તો ચૂંટણીઓના બહિષ્કારની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્રને આ મુદ્દે આવેદન પણ, આપવામાં આવ્યું છે.

છેલ્લા ૧૫ વર્ષથી જાદરને અલગ તાલુકો બનાવવા માટે સરકાર સમક્ષ માંગ થતી આવી છે. જાદર વેપારી મથક હોવાની સાથે આરોગ્યલક્ષી સેવાઓ પણ આસાનીથી હવે મળવા લાગી છે. જ્યારે તાલુકા મથકે ઈડર હોવાથી ૫૦ થી વધુ ગામોના અરજદારોને સરકારી કચેરીઓમાં કામ માટે ઈડર જવું પડતું હોય છે જેથી હવે જાદરને અલગ તાલુકા મથક બનાવવા માટે સ્થાનિકોએ માંગ બુલંદ કરી છે. તાજેતરમાં જ ૫૦ થી વધુ ગામોના પ્રજાજનોએ આ મુદ્દે વહીવટીતંત્ર સમક્ષ રજૂઆત કરી છે. ૭૫ હજારથી પણ વધુની વસતી નવા તાલુકામાં સમાવી શકાય તેવી સંપૂર્ણ શક્યતાઓ સાથે વર્તમાન પરિસ્થિતિને જોતાં ઈડરમાંથી જાદરને છૂટું પાડી તાલુકા મથક બનાવાય તો પ્રજા ઉપરાંત વેપારીઓની મુશ્કેલીમાં પણ ખાસ્સો ઘટાડો થઈ શકે છે. તાલુકા મથકની માંગ સરકાર દ્વારા ૨૦૨૨ના વર્તમાન વર્ષમાં સ્વીકારવામાં નહીં આવે તો ચૂંટણી બહિષ્કારની પણ ચીમકી ઉચ્ચારવામાં આવતાં તંત્ર હરકતમાં આવ્યું છે.

# પ્રિલીમ પરીક્ષામાં બેસવા નહીં દીધાનો આરોપ

### હિંમતનગરની ખાનગી શાળામાં ડી.ઈ.ઓ. દ્વારા તપાસ : તપાસ અહેવાલ સુપ્રત, આક્ષેપ કરનારા વાલીઓના સંતાનોએ પરીક્ષા આપી હોવાનું બહાર આવ્યું

બાયડ, તા. ૧૨

હિંમતનગરની ખાનગી શાળામાં ફી નહીં ભરતા વિદ્યાર્થીઓને પરીક્ષા આપતા અટકાવ્યાની એક વાલી દ્વારા લેખિત ફરિયાદ પછી સાબરકાંઠા ડી.ઈ.ઓ. દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. તપાસ અધિકારીએ શુક્રવાર સવારે ખાનગી શાળાની મુલાકાત લઈ કેટલુંક સાહિત્ય ચેક કર્યું હતું જેમાં જે વાલી દ્વારા પોતાના સંતાનને પરીક્ષા આપવા દેવામાં નથી આવી તેવો આરોપ લગાવ્યો હતો પરંતુ તે વાલીની ૧ વર્ષની ફી બાકી હોવા છતાં પણ શાળા સંચાલક અને આચાર્ય દ્વારા વિદ્યાર્થીને પ્રિલીમ પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યો હતો તે જોતાં આક્ષેપ ખોટા ઠર્યા છે. તપાસ અધિકારીએ બે પાનાનો તપાસ અહેવાલ ડી.ઈ.ઓ.ને સુપ્રત કર્યો છે.

#### આક્ષેપમાં તથ્ય નથી : ડી.ઈ.ઓ.

સાબરકાંઠા ડી.ઈ.ઓ. સંજયભાઈ વ્યાસે જણાવ્યું કે હિંમતનગરની ખાનગી શાળામાં ધો. ૧૧માં વિદ્યાર્થીને ફી નહીં ભરતાં પરીક્ષા આપતો અટકાવ્યાની વાલીની ફરિયાદ મળ્યા પછી તપાસ અધિકારીને શાળામાં મોકલવામાં આવ્યા હતા પરંતુ આક્ષેપ કરનાર વાલીના સંતાને પ્રિલીમ પરીક્ષા આપી છે તે જોતાં પ્રથમદર્શિય આક્ષેપમાં કોઈ તથ્ય નથી અને વિદ્યાર્થીની શાળામાં ૧ વર્ષની ફી પણ બાકી હોવાનું જાણવા મળ્યું છે.

# હિંમતનગર આર.ટી.ઓ. કચેરીમાં સ્માર્ટ લાયસન્સ કાઢવાનું કામ ખોરંભે

### ૩૦૦૦ થી વધુ વાહન ચાલકો સ્માર્ટ લાયસન્સથી વંચિત : કાર્ડ તૈયાર કરવાની સામગ્રીનો અભાવ..!!

બાયડ, તા. ૧૨

હિંમતનગર આર.ટી.ઓ. કચેરીમાં સ્માર્ટ કાર્ડ કાઢવાની કામગીરી ખોરંભે પડી છે. અંદાજીત ૩૦૦૦થી વધુ વાહન ચાલકોએ સ્માર્ટ લાયસન્સ કાર્ડ માટે વિભાગ સમક્ષ પૂરતા દસ્તાવેજો આપી દીધા હોવા છતાં સામગ્રીના અભાવે કાર્ડ ઈસ્યુ થઈ શક્યાં ન હોવાની વિગતો બહાર આવી છે.

સરકારે ડ્રાઈવિંગ લાયસન્સના નિયમો હળવા કરતાં લાયસન્સ ઈચ્છુકોએ રાહત અનુભવી છે પરંતુ હિંમતનગરની પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીમાં થતી લાયસન્સ ઈસ્યની વર્તમાન કામગીરીમાં જવાબદારી લાપરવાહ જણાઈ રહ્યા છે. વાહન ચાલકોને સામાન્ય કામ માટે પણ ધક્કા થતા હોય છે.

હમણાંથી સ્માર્ટ લાયસન્સ કાર્ડ માટે વાહન ચાલકોને હાલાકીમાં મૂકાવવાનો વારો આવ્યો છે. કાર્ડ તૈયાર કરવાની સામગ્રીનો કચેરીમાં દુકાળ પડતાં અંદાજીત ૩૦૦૦ થી વધુ અરજદારોના સ્માર્ટ લાયસન્સ કાર્ડની કામગીરી વિલંબમાં પડી છે. આર.ટી.ઓ. કચેરીનો વહીવટ ડીઝીટલ યુગમાં પણ ગાડા યુગમાં ચાલતો હોય તેવી પ્રતિતિ કાર્ડ ન મળવાથી વાહન ચાલકો અનુભવી રહ્યા છે. એક તરફ સરકાર વાહન લાયસન્સની કામગીરી વધુ સુલભ બનાવવા માટેના પ્રયાસ કરી નવા નિયમો જાહેર કરે છે ત્યાં જૂના લાયસન્સ ધારકો અને સ્માર્ટ લાયસન્સ ઈચ્છતા અરજદારોની હાલાકી ઓછી થવાનું નામ લેતી નથી. હિંમતનગર ખાતેની આર.ટી.ઓ. કચેરીમાં સામગ્રી જેવી બાબતમાં સ્માર્ટ લાયસન્સ કાર્ડ કાઢવાનું કામ જ અટકી પડ્યું છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં તસ્કરીના બનાવો વધતાં પ્રજામાં રોષ

### પોલીસવડાઓની કોઈ ધાક રહી નથી : મોટાભાગનો સ્ટાફ નિષ્ક્રીય, મોબાઈલનું વળગણ દૂર કરો

બાયડ, તા. ૧૨

સાબરકાંઠા-અરવલ્લીના તમામ ૧૪ તાલુકામાં તસ્કરીના વધતા બનાવોથી પ્રજામાં રોષ વ્યાપ્યો છે. અગાઉના વર્ષોમાં પોલીસવડા ઓચિંતી પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ નિષ્ક્રીય સ્ટાફની બદલી કરતા હતા પરંતુ પાછલા ૩ વર્ષથી રાત્રે પોલીસ વડાઓની સરપ્રાઈઝ મુલાકાતો બંધ થઈ છે. મોટા ભાગનો સ્ટાફ નિષ્ક્રીય થઈ નાઈટ પેટ્રોલિંગમાં જવાના બદલે પોલીસ સ્ટેશનમાં કે સરકારી વાહનમાં મોબાઈલમાં રચ્યા પચ્યા રહેતો હોવાનું જાણવા મળ્યુ છે.

જિલ્લાના દરેક વિસ્તારોમાં પ્રજાને પોલીસ સામે અઢળક ફરીયાદો છે. સતત ગુનાખોરી વકરતી હોવા છતાં તસ્કરગેંગ પોલીસને ઝડતી નથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તસ્કરોના ઉપદ્રવે પોલીસને બેકફૂટ ઉપર લાવી દીધી હતી. મોડાસા તેમજ ટીંટોઈમાં તસ્કરોના ખોફથી પોલીસ ખુદ ભયભીત હોય તેવુ ચિત્ર ઉપસ્યુ. તેજ રીતે ભિલોડા-બાયડ-ધનસુરા-માલપુર પોલીસ સ્ટેશનની હદમાં પણ તસ્કરોએ દેકારો મચાવતાં પ્રજાએ લગ્નના રાત્રી અવસરોમાં જવાનું ટાળ્યું હતું. જ્યારે તસ્કરીની ફરીયાદ થાય ત્યારે પોલીસ ફરીયાદ નોંધવાના બદલે અખાડા શરૂ કરી દેતી જેથી ક્રાઈમ રેટ ઓછો દેખાડી શકાય. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં નિષ્ક્રીય અને ૨ વર્ષથી વધુ સમયથી એકજ સ્થળે ફરજ બજાવતા સ્ટાફને બદલવામાં નહીં આવે તો અનેક પોલીસ સ્ટેશનોમાં ક્રાઈમ રેટ ઉંચકાય તેવી દહેશત સેવાય છે.

# મોડાસા : જુના બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી શ્રમિક પિતાની ૧૦ વર્ષીય પુત્રી અને ૮ વર્ષીય પુત્રના અપહરણથી ચકચાર

ગુજરાત રાજ્યમાં બાળકોનું અપહરણ કરી શહેરી વિસ્તારોમાં ભીખ મંગાવવાનું એક સુવ્યવસ્થિત રેકેટ ચાલી રહ્યું જેમાં મુખ્યત્વે ગરીબ અને શ્રમિક પરિવારના ભૂલકાઓનું અપહરણ કરનાર ટોળકીઓ સક્રિય છે મોડાસા શહેરના જુના બસ સ્ટેન્ડ નજીક આવેલી પોલીસ ચોકી પાછળ ખુલ્લી જગ્યામાં રહેતા અને ભંગાર વીણવાનું કામ કરતા પિતા સાથે રહેતી ૧૦ વર્ષીય પુત્રી અને ૮ વર્ષના પુત્રનું અપહરણ થવાની ઘટના બહાર આવતા ભારે ચકચાર મચી છે. લક્ષ્મણભાઈ પોપટભાઈ દેવીપૂજક તેમની પત્નીના મૃત્યુ પછી ૧૦ વર્ષીય પુત્રી પુજા અને ૮ વર્ષીય પુત્ર અમર સાથે રહી શહેરમાં ભંગાર વિણી બંને બાળકોનું ભરણપોષણ કરી રહ્યા છે તેમના બંને બાળકો પણ શહેરમાંથી પ્લાસ્ટીકનો ભંગાર ભેગો કરી પિતાની મદદ કરતા હતા ૯ દિવસ અગાઉ બંને બાળકો રમતા રમતા બજારમાં ગયા પછી મોડી સાંજે પરત ન ફરતા પિતાએ શહેરમાં શોધખોળ હાથ ધર્યા પછી ટીંટોઈ, હિંમતનગર દહેગામ સહીત અન્ય સંભવિત સ્થળોએ ભંગાર વીણવા ગયા હશે તેમ વિચારી સગા-સબંધીઓ શોધખોળ હાથ ધર્યા પછી મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ સામે અપહરણનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# અકસ્માતો વધ્યા એટલે હવે ભણતરમાં રોડ સેફટીનો અભ્યાસક્રમ

### ધો. ૯ થી ૧૨ માં વિદ્યાર્થીઓને રોડ સેફ્ટીના પાઠ ભણાવાશે : ઈમરજન્સી-૧૦૮નો વ્યાપ વધ્યો છતાં મૃત્યુદરમાં કોઈ ઓટ નથી

બાયડ, તા. ૧૨

રાજ્યમાં અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે નવી પેઢી યોગ્ય રીતે વાહન હંકારે તે ઉદ્દેશ્યથી રાજ્ય સરકાર ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં રોડ સેફ્ટી વિશે અભ્યાસ કરાવશે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દર વર્ષે માર્ગ અકસ્માતમાં ૩૧૫ થી વધુ જીંદગીઓ હોમાતી રહી છે. ઈમરજન્સી-૧૦૮નો વ્યાપ વધ્યો છતાં અકસ્માતમાં મૃત્યુ દરમાં કોઈ ઓટ નથી.

વાહનોની સંખ્યા વધી રહી છે અને રસ્તાઓ સાંકળા રહેતાં ટ્રાફીક સમસ્યા શહેરી અને ગ્રામ્ય વિસ્તારની વિકરાળ સમસ્યા બની ગઈ છે. શાળામાં અભ્યાસ કરતા બાળકો પણ વાહનોની ટક્કરે મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે.

કેટલાક કિસ્સાઓમાં શાળાઓના વિદ્યાર્થીઓ વાહન ચલાવતી વખતે તકેદારી રાખે તો માર્ગ અકસ્માતનું પ્રમાણ ઘટે તેવા ઉદ્દેશ્ય સાથે હવે ધો. ૯ થી ૧૨ ના અભ્યાસક્રમમાં ગુજરાત સરકાર રોડ સેફટી અંગેના મુદ્દાઓનો સમાવેશ કરશે તેમ જાણવા મળ્યું છે. જેમાં જીબ્રા ક્રોસિંગ, સિગ્નલ, લાઈટ સહિતની જાણકારી મળશે અને આ અભ્યાસક્રમ બાળકોને પુખ્તવયના થયા પછી લાયસન્સ લેવા માટે પણ યોગ્ય નિયમોની જાણકારી આપોઆપ મળી શકશે.

રાજ્ય સરકારનું પણ માનવું છે કે રોડ સેફટીના અભ્યાસક્રમ પછી વિદ્યાર્થીઓ સાયકલ તેમજ બાઈક કેવી રીતે ચલાવવી અને સાયકલ લેનનો કેવી રીતે ઉપયોગ કરવો તેની યોગ્ય સમજ થશે. આવનારા દિવસોમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ધો. ૯ થી ૧૨ ના ૧.૩૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસક્રમમાં રોડ સેફટીના ચેપ્ટરના ઉમેરાથી ટ્રાફીક અંગેના નિયમોની ઉંડાણપૂર્વકની જાણકારી મેળવી શકે તે દિવસો હવે બહુ દૂર નથી.